**<u>મે. વાપીના એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. વાપી</u>**

**ફો. કેસ નં. : ૩૪૧૯/૨૦૨૬**

**આંક :**

**ફરીયાદી : નામદાર સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી : કમલ ચંદ્રદેવ કાંત**

**<u>કબુલાત ઠરાવ</u>**

(૦૧) આ કામે આરોપી સામે પ્રોહિ એક્ટની કલમ ૬૬(૧)બી, ૮૫(૧) મુજબ ગુન્હાનો આરોપ છે.

(૦૨) સદર કામે આરોપીને ગુન્હો કબુલાતની પુરસીસ આપેલ હોય અને આરોપીની પ્લી લેવામાં આવતાં આરોપીએ ગુનો કબુલ કરેલ છે. જેથી આરોપીએ આપેલ કબુલાત પુરસીસ અને પ્લી ધ્યાને લેતાં આરોપીએ તેનાં વિરૂધ્ધના ગુન્હાની કબુલાત કરેલ છે. આરોપીની કબુલાત સ્વૈચ્છા પુર્વક હોય જે સ્વીકાર્ય છે અને આરોપીને સજા અંગે પુછતા જણાવે છે કે, તેમની સામેનો સદર ગુનો તેઓ સ્વેચ્છાએ કબુલ કરે છે અને તેમના કુટુંબનું તેઓ માંડ માંડ પુરા કરે છે. તેઓ અન્ય ગુનામાં સંડોવાયેલા નથી. જેથી ન્યાયના હીતમાં દયા લાવવા અરજ કરેલ છે.

આરોપીની રજુઆત ધ્યાને લેતાં તથા આરોપી વિરૂધ્ધ જે ગુન્હો છે તે ધ્યાને લેતાં તથા આરોપીની ઉંમર તથા આરોપીની સામાજીક સ્થિતી ધ્યાને લેતાં, આરોપીને સુધરવાની તક આપવી જોઈએ. પ્રોહી કલમ–૬૬(૧)બી કાયદાની જોગવાઈ ધ્યાને લેતાં તથા ઉપરોકત ચર્ચા કરી તે તમામ વિગતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:હુકમ :–</u>**

૧. બી. એન. એસ.એસ.ની કલમ–૨૬૪ અન્વયે **આરોપી–કમલ ચંદ્રદેવ કાંત** નાઓને પ્રોહી કલમ–૬૬(૧)બી, ૮૫(૧) મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને કોર્ટ ઉઠતા સુધીની સજા અને આરોપીને રૂા. ૫૦૦/– (અંકે રૂપીયા પાંચસો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ દંડ ભરવામાં કસુર થયે આરોપીને દિન–૦૭ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીનાં જામિન ખત તથા જાત મુચરકા રદ ગણવા.

આ હુકમ આજ **તા.૧૧મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬**ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વાપી **(આઇ. એ. શેખ)**

તા. : ૧૧/૦૭/૨૦૨૬ એડી. ચીફ જ્યુડી. મેજી., વાપી

GJ00567